# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કુતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **દિલ્હી વિસ્ફોટ બાદ રાજ્યની પોરબંદર સહિતની રાજ્યની દરિયાઇ પટ્ટી પર કડક ચેકિંગ.**
2. **રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી નિમિત્તે મુખ્યમંત્રીએ જણાવ્યું કે , રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે પોતાના કર્તવ્યપથ પર આગળ વધી રહ્યો છે**
3. **મુખ્યમંત્રી રાજ્યમાં નોટરી તરીકે પસંદ થયેલા એક હજાર 500થી વધુ ધારાશાસ્રીઓને પ્રમાણપત્ર એનાયત કરશે.**
4. **પંચમહાલ, નર્મદા સહિતના જિલ્લાઓમાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે ‘જનજાતીય ગૌરવ વર્ષ ’ની ઉજવણીના ભાગરૂપે ‘જનજાતીય ગૌરવ રથયાત્રા યોજાઇ**
5. **અમદાવાદ સાયબર ગુનાની ટીમે બેંગલોર અને મુંબઈથી નાઈજીરિયાન ગેંગના એક સહિત 6 સાગરિતોને ઝડપ્યાં**
6. **રાજ્યના આઠ શહેરોમાં તાપમાનનો પારો 16 ડિગ્રીથી નીચે ગયો ..12 ડિગ્રી સાથે દાહોદ રાજ્યનું સૌથી ઠંડુ શહેર**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## PORBANDAR ALERT

દિલ્હી ખાતે બોમ્બ બ્લાસ્ટને પગલે પોરબંદર સહિત રાજ્યની દરિયાઈ પટ્ટી પર સલામતીની વ્યવસ્થા સઘન બનાવાઈ છે. પોરબંદર જિલ્લાના ગોસા આર.ડી.એક્સ. લેન્ડિંગ પોઈન્સ સહિત પોરબંદરના બંદર, રેલ્વે સ્ટેશન અને દરિયાઇ પટ્ટી પર પોલીસે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જિલ્લા પોલીસના બૉમ્બ સ્કવૉર્ડ, ડોગ સ્કવૉર્ડની ટીમે જમીન પર અને મરીન પોલીસે સમુદ્ર પર ચેકીંગ અને સુરક્ષા વધારી દેવાઇ હોવાનું નાયબ જિલ્લા પોલીસ વડા ધ્રુવલ સુતરિયાએ જણાવ્યું હતું.

**બાઈટ - ધ્રુવલ સુતરીયા (ડી.વાય.એસ.પી. )**

---

## VICHAR MANCH

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી નિમિત્તે ભારતીય વિચાર મંચ દ્વારા અમદાવાદમાં આયોજિત વ્યાખ્યાન માળાના ઉદ્ઘાટન સમારંભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ 100 વર્ષથી નિરંતર રાષ્ટ્રહિત સર્વોપરી એટલે કે 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે પોતાના કર્તવ્યપથ પર આગળ વધી રહ્યો છે.

વધુમાં જણાવ્યું કે, સંઘે હંમેશાં વ્યક્તિ નિર્માણ પર ભાર મૂકીને રાષ્ટ્રસેવાને સમર્પિત યુવાનો તૈયાર કર્યા છે.

**(બાઈટ – ભૂપેન્દ્ર પટેલ,મુખ્યમંત્રી)**

---

# CM NOTARY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યમાં નોટરી તરીકે પસંદ થયેલા એક હજાર 500થી વધુ ધારાશાસ્ત્રીઓને ગાંધીનગરમાં પ્રમાણપત્ર એનાયત અને નોટરી પોર્ટલ લોન્ચિંગ કરશે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી માં આજે સવારે યોજાનારા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી અને કાયદા રાજ્ય મંત્રી સહભાગી થશે.. નોટરી પોર્ટલ પણ લોન્ચ કરીને રાજ્યમાં ઈ-નોટરી સિસ્ટમ તબક્કાવાર વિકસાવવાનો પ્રારંભ કરાવશે.

---

# JAN JATIY GAURAV YATRA

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે 'જનજાતીય ગૌરવ રથયાત્રા'નો સ્વાગત કાર્યક્રમ યોજાયો.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી પી.સી.બરંડા અને કૃષિ મંત્રી રમેશ કટારાએ 'જનજાતીય ગૌરવ રથને પ્રસ્થાન કરાવ્યું. મંત્રીશ્રી દ્વારા આદિવાસી સમાજના પ્રતિભાશાળી યુવાનો, તેજસ્વી વિદ્યાર્થીઓ અને અગ્રેસર ખેડૂતોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે મંત્રી રમેશ કટારાએ કહ્યું કે , આ યાત્રાનો મુખ્ય હેતુ દેશભરમાં એકતા અને સંગઠન સ્થાપિત કરવાનો છે અને ભગવાન બિરસા મુંડાનો ગૌરવશાળી ઇતિહાસ જનજન સુધી પહોંચાડવાનો છે.

મંત્રી પી.સી. બરંડાએ કહ્યું કે , ભગવાન બિરસા મુંડાના વિચારોને લોકો સુધી લઈ જવાની આ યાત્રા સૌના માટે પ્રેરણાનો સ્ત્રોત છે.

તો નર્મદા જિલ્લાના સાગબારાના જાવલી ગામે ગૌરવ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત આદિજાતિ મંત્રી નરેશ પટેલે જણાવ્યું કે , ભગવાન બિરસા મુંડાના જીવન અને આઝાદીની ચળવળમાં તેમના યોગદાન વિશે આપણી યુવા પેઢી જાણે અને તેમના વિચારોને સમજે તે જરૂરી છે૩

વડોદરા જિલ્લામાં ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીની ઊજવણી ડભોઇ તાલુકામાં કાયાવરોહણ પાસે આવેલા મેનપૂરા ગામ ખાતે આગામી 14 નવેમ્બરના રોજ કરવામાં આવશે.

---

## CHHOTA UDEPUR

છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ અંદાજે 2.36 ટકા જેટલા દલિત સમુદાયના લોકો નિવાસ કરી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં 727 જેટલાં લાભાર્થીઓને આંબેડકર આવાસ યોજનાનો લાભ આપવામાં આવતા કાચા મકાનમાં રહેતા દલિત સમુદા યના લાભાર્થીઓ હવે પાકા મકાનમાં રહેતા થયાં છે.

ત્યારે સામાજિક ન્યાય અધિકારીતાના રાજ્ય કક્ષાના મંત્રી અને છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી મનીષા વકીલ ધંધોડા ગામે ડૉ.આંબેડકર આવાસ યોજનાના લાભાર્થીની મુલાકાત લઇ તેઓના આવાસમાં પરિવાર સાથે બેસી ભોજન લીધું હતું .

મંત્રી મનિષા વકિલની છોટાઉદેપુરની મુલાકાત અંગેની માહિતી સમાજ કલ્યાણ અધિકારી શક્તિસિંહ ચાવડાએ આપી હતી.

**બાઇટ- શક્તિસિંહ ચાવડા, સમાજ કલ્યાણ અધિકારી**

---

## AHMEDABAD CYBER CRIME

અમદાવાદ સા ઈબર ગુનાની ટીમે બેંગલોર અને મુંબઈથી નાઈજીરિયાન ટુકડીના એક સભ્ય સહિત 6 આરોપીઓને ઝડપી લીધા છે.

પીડિતોનો ઓનલાઈન સંપર્ક કરીને ઓછા ભાવે કેમિકલ ખરીદીને વધુ કિંમતે વેચવાની લાલચ આપી છેતરપિંડી કરતાં હોવાનું સાયબર ક્રાઇમના મદદનીશ પોલીસ કમિશનર હાર્દિક માકડીયાએ જણાવ્યું.

**બાઇટ : હાર્દિક માકડીયા, ACP**

---

## WEATHER

રાજ્યના અમદાવાદ સહિતના 8 શહેરોમાં 16 ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું છે.

દાહોદ શહેર 12.2 ડિગ્રી તાપમાન સાથે ઠંડુગાર શહેર રહ્યું છે , તો ગાંધીનગરમાં 13.8, અમરેલી, નલિયા અને રાજકોટમાં 14 ડિગ્રી જ્યારે અમદાવાદ અને વડોદરામાં 15 ડિગ્રી તાપમાન નોંધાયું છે. આવતીકાલથી ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે.

જો કે , હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , આગામી સાત દિવસ દરમિયાન હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની શક્યતા છે.

---

## GUJARAT VIDHYAPITH

ભારતની સ્વતંત્રતા, સ્વદેશી વિચારધારા અને આત્મનિર્ભરતાના મૂલ્યોને ગ્રામ્ય સ્તરે પહોંચાડવા માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત “ સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા” અંતર્ગત તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

રાજ્યપાલે વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું કે, મહાત્મા ગાંધીજી દ્વારા 1920માં સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠનો ઉદ્દેશ જ્ઞાન આપવાની સાથે રાષ્ટ્રપ્રેમ, સ્વદેશી અને સ્વાવલંબનના મૂલ્યોને જીવનમાં ઉતારવાનો હતો.

બાપુએ ઈચ્છ્યું હતું કે, આ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દેશના ગ્રામ્ય વિસ્તારોમાં જઈને સમાજ ઉત્થાન અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરે.તેમણે વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ અને સ્વદેશી જીવનશૈલીના મહત્વ વિશે સમજણ પૂરી પાડી હતી.

---

## PATAN EXAM

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન વિવિધ કોલેજોમાં વિવિધ પરીક્ષાઓનો ગઇકાલથી શાંતિપૂર્ણ માહોલમાં આરંભ થયો છે. પરીક્ષાના પ્રથમ દિવસે વિવિધ કોલેજોમાં અંદાજે એક લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.

આ પરીક્ષામાં યુનિવર્સિટીની સ્થાપના કાળથી અત્યાર સુધીમાં પ્રથમવાર પરીક્ષાના તમામ વિષયના પેપરો I.R.P. મોડ્યુલથી સોફ્ટવેર કોપી દ્વારા કોલેજોને

મોકલવામાં આવ્યા. જેમાં B.A., B.COM સહિત તમામ ફેકલ્ટીના પેપરોનો સમાવેશ થયો હતો.

પરીક્ષાના બીજા તબક્કામાં 25 નવેમ્બરથી શરૂ થનાર પરીક્ષાઓમાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ત્રણની પરીક્ષાઓ યોજાશે, જ્યારે ડિસેમ્બરમાં યોજાનાર ત્રીજા તબક્કાની પરીક્ષાઓમાં સ્નાતક અને અનુસ્નાતક સેમેસ્ટર એક અને બાકી રહેલા વિવિધ સેમેસ્ટરોની પરીક્ષાઓ યોજાશે.

---

## RAJKOT FOOTBALL

ખેલમહાકુંભ રાજકોટ ગ્રામ્ય અંડર-14 બહેનો વિભાગની ફૂટબોલ સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં જય ઇન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થિનીઓ વિજેતા બની હતી. સર્વોદય સ્કૂલની વિદ્યાર્થિનીઓ રનર્સ અપ રહી હતી. જેતપુરની SPCG સ્કૂલની વિદ્યાર્થિનીઓ તૃતીય નંબર મેળવ્યો હતો.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરોટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજીત જિલ્લા રમતગમત અધિકારી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે અંડર- 14 બહેનોની ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરાયું હતુ.

---

## PANCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સાત જુદા જુદા માર્ગ અકસ્માતો સર્જાતા ચાર લોકોના કરૂણ મોત થયા છે, જ્યારે પાંચ ઈજાગ્રસ્ત થયા. ગોધરા

તાલુકાના કાસુડી ગામે બાઇક અથડામણમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે એક ગંભીર રીતે ઘાયલ છે.

ઘોઘંબાના ઝાખરીયામાં અજાણ્યા વાહનની ટક્કર લાગતા એકનું મોત થયું. જ્યારે ટીંબા ગામે ઝાડ પરથી પડી જતાં એક યુવકે જીવ ગુમાવ્યો. છક્કડીયા ગામે આઈશર ટ્રક અને બાઇક વચ્ચેના અકસ્માતમાં બાઇક ચાલકનું મોત થયું હતું.જ્યારે અન્ય બે બાઇક સવારને ગંભીર ઈજા થઈ છે.

પોલીસ દ્વારા તમામ અકસ્માતોની તપાસ હાથ ધરાઈ છે અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

---